

કાળઝાળ ગરમીમાં માણસ પણ મુરજાઈ જાય ત્યારે લીલા ફૂલ-છોડની તો વાત જ શુ કરવી. શહેરની વનરાજી પાટનગરની શાન છે. વન વિભાગનો આ કર્મચારી લીલા ફૂલ-છોડ સુકાઈ ન જાય તે માટે પાણીનું સિંચન કરી રહ્યો છે. (તસવીર : જીગ્નેશ જાની)

# શહેર-જિલ્લામાં વધતી જતી ગુનાખોરી ડામવા વસાહત મહાસંઘનો પોલીસને અનુરોધ

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ દ્વારા શહેર તથા જિલ્લામાં દિન-પ્રતિદિન વધતી જતી ગુનાખોરી ડામવા યોગ્ય પગલાં લેવા અનુરોધ કર્યો છે. મહાસંઘના મતે ગાંધીનગર શહેર સહિત સમગ્ર જિલ્લામાં નાની મોટી ચોરીઓ, મારામારી, ચેઈન પુલીંગ, ધોળે દહાડે લુંટ, અકસ્માત, દારૂના અડ્ડાઓ અને અપહરણના કિસ્સાઓનું પ્રમાણ ભયજનક રીતે વધી રહ્યું છે.

વસાહત મહાસંઘ દ્વારા ગાંધીનગરના રેન્જ આઈજીને પત્ર લખીને ગુનાખોરી ડામવા અનુરોધ કર્યો છે. આ ગુનાખોરી ડામવા પોલીસ પેટ્રોલીંગમાં વધારો કરવો, નગરના પ્રવેશ દ્વારે સીસીટીવી કેમેરા લગાડવા, દર ચાર રસ્તે પોલીસ પોઈન્ટ મુકવા, ટ્રાફિકનું યોગ્ય નિયમન કરવા, નગરની ઝાડીઓમાં ચાલતા અનૈતિક ધંધાઓ અને દારૂના અડ્ડાઓ બંધ કરાવવા, શટલિયા રીક્ષાઓમાં ખિસ્સાકાતરૂઓને ઝડપી લેવા વાહન તપાસ કરવા, આડેધડ પાર્કિંગ અટકાવવા, વીવીઆઈપીઓના બંદોબસ્ત રક્ષણ માટે અલગ વિભાગ રચવા જેવા સૂચનો કરાયા છે. આ ઉપરાંત સે. ૨૧ અને સે. ૭ તેમજ ઈન્ફોસીટી પોલીસ સ્ટેશને જનરલ લોક દરબારનું આયોજન કરી બધી સંસ્થાઓને તેમાં આમંત્રિત કરવા અનુરોધ કર્યો છે.

શહેરમાં દિન પ્રતિદિન વધી રહેલ ઘરફોડ ચોરીઓ, વાહનચોરીઓ, લુંટફાટ, ચેઈન સ્નેચીંગ અટકાવવા કડક હાથે કામ લેવા, વિદેશી દારૂના પ્રવેશ પર નિયંત્રણ લાવવા અને અશિક્ષિત ફરિયાદીઓ પ્રત્યે પોલીસ દ્વારા માયાળુ વર્તન દાખવી ફરિયાદો નહીં નોંધવાનું વલણ છોડવા તેમજ લોડીંગ વાહનોના ઓવરલોડ તેમજ ઓવરડાયમેન્શન બાબતે કાર્યવાહી કરવા પણ તાકીદ કરવામાં આવી છે.



સિનિયર સિટિઝન્સ કાઉન્સિલની માસિક સભામાં અમૃત મહોત્સવ કાર્યક્રમનું આયોજન સેક્ટર-૭ સૌરાષ્ટ્ર લેઉવા પટેલ વાડી ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં કાઉન્સિલના સભ્યો કે જેઓના ૭૫ વર્ષ પૂર્ણ થયા હોય તેવા ૩૭ ભાઈઓ, ૫૦ વર્ષ લગ્નજીવનના પૂર્ણ થયેલ હોય તેવા ૧૧ દંપતિ અને ૭૦ વર્ષ પૂર્ણ કરેલ હોય તેવા ૨૨ બહેનોનું શાલ, ખેસ, પુષ્પ ગુચ્છ તેમજ પ્રશસ્તિપત્રથી સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મહિલા પાંખની બહેનો દ્વારા ૫૦ વર્ષ લગ્નજીવનના પૂર્ણ કરનાર દંપતિઓ માટે મંગલાષ્ટક ગાન અને ફૂલહાર પહેરાવી લગ્નનો માહોલ ઉભો કરી દીધો હતો. (તસવીર : કશ્યપ નિમાવત)

## શહેર પેન્શનર્સ સમાજની બેઠક

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની કાર્યવાહક સમિતિની બેઠક સંસ્થાના પ્રમુખશ્રી ડાહ્યાભાઈ પ્રજાપતિના અધ્યક્ષસ્થાને તા. ૨-૪-૨૦૧૫ને ગુરૂવારના રોજ સ્વસ્તિક કોમ્પલેક્ષ, બીજે માળ, સેક્ટર-૨૨ ખાતે સાંજે ૫.૦૦ વાગે મળશે. આ બેઠકમાં અગત્યના મુદ્દાઓની ચર્ચા વિચારણા થશે. બેઠકમાં સર્વે પદાધિકારીઓ અને કારોબારી સભ્યોએ અચુક ઉપસ્થિત રહેવા જણાવવામાં આવે છે.

## સેનવા રાવત સમાજના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા. ૩૧

સેનવા રાવત સમાજ ચાલીસ પરગણા પંચ માણસાની સામાન્ય સભા મળી હતી. સભામાં સર્વ સંમતિથી હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે સી.એમ. પરમાર, બાપુપુરા, મહામંત્રી તરીકે શંભુભાઈ માસ્તર આજોલ, રેવાભાઈ સમૌ, ખજાનચી તરીકે સેંધાભાઈ માણસાવાળા, કન્વીનર તરીકે ડાહ્યાભાઈ ઘમેડાવાળા અને પ્રતાપભાઈ આજોલવાળા તેમજ સહમંત્રી તરીકે કેતનભાઈ પરમારની વરણી કરવામાં આવી છે.

## પ્રેરણા સ્કુલમાં વેશભૂષા યોજાઈ

ગાંધીનગર, તા.૩૧

પ્રેરણા સ્કુલ સેકટર-૫માં વેશભૂષા કાર્યક્રમ યોજાયો હતો. બાળકોએ વિવિધ ફળફળાદી અને નામી વ્યકિતઓના પોષાક પહેરી કાર્યક્રમમાં ચાર ચાંદ લગાવ્યા હતા.

ગાંધીનગર સે-૫ પ્રેરણા સ્કુલમાં બાળકોને અભ્યાસની સાથે વિવિધ પ્રવૃત્તિઓ કરી જ્ઞાન પીરસવામાં આવ્યું હતું. શાળામાં ભણતા જુનિયર કે.જી અને સિનિયર કેજીના ભૂલકાઓએ કેરી, ચીકુ, કેળુની આકૃતિ જેવા પોશાક પહેરી વેશભૂષા યોજી હતી. તેમજ ભારતમાતા, શંકર ભગવાન, શકિતમાન, પતંગીયુના પોશાકો પહેરી વ્યકિત વિશેની માહિતી આપી હતી.

# મોઢ પાટીદાર સમાજને બક્ષીપંચમાં સમાવવા માંગણી

### શિક્ષણમાં અગ્રેસર મોઢ સમાજના યુવાનો આર્થિક રીતે પછાત હોવાથી બેકારીના ખપ્પરમાં હોમાય છે

ગાંધીનગર, તા. ૩૧

ગુજરાતના મોઢ પાટીદાર સમાજના આગેવાનોએ જ્ઞાતિને બક્ષીપંચમાં સમાવેશ કરવા રાજ્ય સરકાર દ્વારા વર્ષોથી ઠુકાવાતી માંગણીને દોહરાવી છે. તેમના મતે મોઢ પાટીદાર સમાજના યુવાનો શિક્ષણમાં અગ્રેસર છે પરંતુ આર્ક રીતે પછાત હોવાથી તેમજ અનામતનો લાભ ન મળવાથી બેકારીના ખપ્પરમાં હોમાઈ રહ્યા છે.

મોઢ પાટીદાર સમાજના યુવાનો એમબીએ અને પોસ્ટ ગ્રેજ્યુએટ વગેરે શૈક્ષણિક લાયકાતો ધરાવે છે. આ યુવાનો આર્થિક રીતે પછાત હોવા છતાં લોન લઈને પણ શૈક્ષણિક રીતે વિકાસ કર્યો છે પરંતુ નોકરી મેળવવાના ફાંફા છે. મોઢ પાટીદાર સમાજનો બક્ષીપંચમાં સમાવવાની તેમની માંગણી વર્ષો જુની છે, તેમના મતે જયસ્વાલ અને ચૌધરી પટેલોનો બક્ષીપંચમાં સમાવેશ કરાયો હોય તો અમારો કેમ નહી ? આઝાદી પછી દારૂનો વ્યવસાય છોડનાર એક સમાજને બક્ષીપંચમાં સ્થાન મળ્યું છે તો આ સમાજને કેમ નહિ ? મોઢ પાટીદાર જ્ઞાતિના લોકો લઘુમતીમાં હોવાને કારણે તેમની અવગણના કરાઈ છે, દરેક ગામમાં બે ચાર ઘર ધરાવતી આ જ્ઞાતિની રાજ્યમાં એક લાખ જેટલી વસતી છે જેમને સરકારે બક્ષીપંચનો લાભ આપવો જોઈએ. અનેકવાર આ બાબતે રાજ્ય સરકારના મંત્રી રમણલાલ વોરા સમક્ષ સહિત સંખ્યાબંધ રજૂઆતો કરાઈ છે. છતાં મોઢ સમાજને ન્યાય મળ્યો નથી. રાજ્યના પ્રથમ મહિલા મુખ્યમંત્રી આ બાબતે ઘટતુ કરી મોઢ પાટીદાર સમાજને ન્યાય અપાવશે તેવી આશા સમાજ રાખી રહ્યો છે.

# બાલવા ચોકડીથી બાલવા ગામના રોડને નવો બનાવવા માંગ

### *ડીસ્કો રોડથી અનેક અકસ્માતો સર્જાય છે*

ગાંધીનગર, તા. ૩૧

જિલ્લાના બાલવા ગામના ગ્રામજનો ખરાબ રોડથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. બાલવા ચોકડીથી બાલવા ગામ સુધીના બિસ્માર રોડથી આજુબાજુના ગ્રામજનો પણ અકળાઈ ઉઠ્યા છે. તંત્રએ ત્રણ વર્ષ અગાઉ બનાવેલ રોડ તુટી જતા અનેક સવાલોએ જન્મ લીધો છે. રોડને ઝડપથી નવો બનાવવા ગ્રામજનોએ માંગ કરી છે.

ગાંધીનગર જિલ્લાના બાલવા ગામ અનેક સુવિધાઓથી સજ્જ છે. ગામમાં બે રાષ્ટ્રીયકૃત બેન્ક, માધ્યમિક શાળા, પોસ્ટ ઓફિસ, ટેલીફોન એકસચેન્જ સહિતની સુવિધાઓ ઉપલબ્ધ છે. જેના કારણે આજુબાજુના ગામના ગ્રામજનોની અવરજવર ખુબ જ રહે છે.

પરંતુ આ ડીસ્કો રોડના કારણે લોકોને પારાવાર મુશ્કેલીઓ વેઠવી પડી રહી છે. અનેક વખત ખરાબ રોડના કારણે અકસ્માતો થયા છે. નવા વાહનોના ટાયરમાં પંકચર પડી રહ્યા છે. ત્રણ વર્ષ અગાઉ વર્ષ-૨૦૧૨માં તંત્ર દ્વારા બનાવવામાં આવેલ રોડ બિસ્માર થઈ જતા તંત્ર સામે પણ સવાલો ઉભા થયા છે.

આમજા, નાદરી, ચાંદીસણા, પ્રતાપુરા, રામપુરા, ઈટલા ગામના ગ્રામજનોએ આ બિસ્માર રોડને તાત્કાલિક અસરથી પાટાપીંડી કરી સાજો ધાજો કરવા ઉગ્ર માંગ કરી છે. આ રોડને સત્વરે રીપેરીંગ અથવા નવો બનાવવામાં નહિ આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવામાં આવશે તેમ જણાવ્યું છે.



ગાંધીનગરના કલાકારો દ્વારા અભિનિત અને દિગ્દર્શિત નાટક 'પાગલ મારો સાંવરીયો' ગુજરાત સંગીત નાટક અકાદમીના સહયોગથી રજૂ થયું હતું. ગાંધીનગરના યુવાન અને તેજસ્વી કલાકારો દ્વારા નિર્માણ પામેલ નાટકનો શુભારંભ સંગીત નાટક અકાદમીના અધ્યક્ષ શ્રી યોગેશ ગઢવી અને જાણીતા હાસ્ય કલાકાર સાંઈરામ દવે દીપ પ્રગટાવી કર્યો હતો.



પંચદેવ મંદિરે દેવોની નિશ્રામાં સુંદરકાંડ પાઠનો પ્રારંભ કરવામાં આવ્યો છે. રાત્રી દરમિયાન શહેરના ભક્તો કથાનું શ્રવણ કરવા પરિવાર સાથે આવી રહ્યા છે. (તસવીર : જીજ્ઞેશ જાની)

# વીસ બોર્ડ-નિગમોએ અંદાજે ૧૧૧૧.૮૫ કરોડનું નુકશાન કર્યુ

ગાંધીનગર, તા. ૩૧

રાજ્ય સરકાર હસ્તકના ૭૨ જાહેર સાહસો કાર્યરત છે જે પૈકી ૪૬ બોર્ડ-નિગમોએ રૂ. ૩,૩,૬૩.૯૬ કરોડનો નફો કર્યો હતો. અને ૨૦ જાહેર ક્ષેત્રના ઉપક્રમોએ રૂ. ૧,૧૧૧.૮૫ કરોડનું નુકશાન કર્યું હતું.

ભારતના કેમ્પ્રોટલર અને ઓડીટર જનરલના આજે વિધાનસભા ગૃહમાં રજુ થયેલા અહેવાલમાં જાહેર સાહસો અંગે ઉપરની વિગતો બહાર આવવા પામી છે. રાજ્ય સરકારના બોર્ડ-નિગમોનું ૩૧ માર્ચ ૨૦૧૪ના રોજ જાહેર ક્ષેત્રના ૮૪ એકમોમાં કુલ રૂ. ૧,૦૫,૭૭૩.૦૭ કરોડનું મૂડીરોકાણ થયું હતું. ૭૨ બોર્ડ-નિગમો પૈકીના ૪૬ જાહેર ક્ષેત્રના ઉપક્રમોએ રૂ. ૩,૩૬૩.૯૬ કરોડનો નફો કર્યો હતો અને ૨૦ જાહેર ક્ષેત્રના ઉપક્રમે રૂ. ૧,૧૧૧.૮૫ કરોડનું નુકશાન કર્યું હતું.

બોર્ડ-નિગમોના નફામાં મુખ્ય યોગદાન ગુજરાત રાજ્ય પેટ્રોનેટ લિમિટેડનો રૂ. ૬૫૯.૯૮ કરોડ ગુજરાત ખનીજ વિકાસ નિગમ લિમિટેડનો રૂ. ૬૨૯.૫૯ કરોડ અને ગુજરાત ગેસ કંપની લિમિટેડનો રૂ. ૬૧૧.૯૩ કરોડનું હતુ. જ્યારે જીએસપીસી પીપાવાવ પાવર કંપની લિમિટેડનો રૂ. ૩૦૭.૧૦ કરોડ ગુજરાત રાજ્ય ઉર્જા ઉત્પાદન લિમિટેડનો રૂ. ૧૫૧.૨૧ કરોડ જી.એસ.પી.સી. ગેસ કંપની લિમિટેડનો રૂ. ૧૩૪.૬૮ કરોડ ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમે રૂ. ૧૩૨.૫૦ કરોડ અને ગુજરાત રાજ્ય નાણાંકીય નિગમે રૂ. ૧૧૨.૭૬ કરોડનું ભારે નુકશાન કર્યું છે.

રાજ્યના અર્થતંત્રમાં જાહેર ક્ષેત્રના ઉપક્રમોની મહત્વની ભૂમિકાનો નિર્દેશ કરતું આ ટર્નઓવર રાજ્યના એકંદર ઘરગથ્થુ ઉત્પાદનના ૧૨.૭૫ ટકા જેટલું હતુ. છેલ્લા હિસાબો અનુસાર રૂ. ૯૮,૭૧૮.૯૦ કરોડનું ટર્નઓવર નોંધાવ્યું હતું.

# ઈ-રીટર્નના પ્રતાપે આવકવેરા રીટર્ન ભરવુ આસાન બનતા રાહત

### ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસની ઓફિસોમાં માર્ચ એડિંગના ઉજાગરા કરવાના દિવસો ભૂતકાળ બન્યા : છેલ્લી ઘડીએ રીટર્ન ભરનારાઓને પણ આસાનીથી ન્યાય આપી શકાય છે : કાર્ય ઝડપી અને સરળ બન્યું

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગરમાં આજે તા. ૩૧મી માર્ચે નાણાંકિય વર્ષનો છેલ્લો દિવસ હોવાથી મોટા ભાગના વેપારીઓ તેમના આવકવેરાના રીટર્ન ફાઈલ કરાવવા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓફિસે દોડતા જોવા મળ્યા હતા. આ ઉપરાંત અનેક નોકરિયાતો પણ છેલ્લી ઘડીએ તેમના રીટર્ન ભરવાના ના રહી જાય તેની તકેદારી રાખવામાં વ્યસ્ત બન્યા હતા. જો કે આવકવેરા ખાતા તરફથી ઈ-રીટર્નની સુવિધા ઉપલબ્ધ હોવાથી રીટર્ન ફાઈલ કરનારા વ્યવસાયિકો સહિત તમામને અગાઉના વર્ષો કરતા ઘણી રાહત જણાતી હતી.

અગાઉના વર્ષોમાં માર્ચ એડિંગની પ્રક્રિયા ખુબજ ઝંઝટભરી અને કાર્યભાર સમાન બની રહેતી હતી. આવકવેરા રીટર્ન ભરી આપના ચાર્ટડ એકાઉન્ટન્ટસ અથવા નામું લખતા એકાઉન્ટન્ટ્સ વગેરે વ્યવસાયિકો માટે છેલ્લા દિવસો ભારે તણાવભર્યા બની જતા હતા અને અનેક રાતોના ઉજાગરા કરવા પડતા ત્યારે કાર્ય આટોપી શકાતું. ઓફિસો પણ મોડે સુધી ચાલુ રાખવી પડતી હતી અને મેન્યુઅલ કામમાં ભુલોનું પ્રમાણ પણ ખુબ મોટા પ્રમાણમાં રહેતું હતું. આવકવેરા દ્વારા ઈ-રીટર્ન પદ્ધતિ અમલમાં મુકાતા ઓનલાઈન રીટર્ન ફાઈલ કરવુ ઝડપી અને આસાન બની ગયું છે. જેના કારણે આ વ્યવસાયિકો અને તેમને ત્યાં કામ કરતા કર્મચારીઓ પરથી મોટો વર્કલોડ જેમાં ખાસ કરીને શાસિરિક શ્રમનું પ્રમાણ ઘટી જવા પામ્યું છે.

રાતોના ઉજાગરાની જગ્યાએ હવે સાંજે છ વાગ્યા સુધીમાં તો લગભગ તમામ રીટર્ન ફાઈલ કરીને કર્મચારીઓ ઘર તરફ રવાના થઈ જતા હોવા મળ્યા હતા. આવકવેરા ઓફિસમાં રૂબરૂ જઈને લાઈનોમાં ઉભા રહેવાનો કે સાહેબોને વિનવણીઓ કરી સિક્કો મરાવવાના દિવસો પુરા થઈ જતા આ કર્મચારીઓ અને વ્યવસાયિકોમાં રાહતની લાગણી જોવા મળી રહી છે. ઈ-રીટર્નના પ્રતાપે કામ વધુ સરળ અને ઝડપી બન્યું છે. જેના કારણે વધુ ગ્રાહકોને ન્યાય આપી વ્યવસાયનું વિસ્તરણ પણ થઈ રહ્યું છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

**સૂર્યોદય : ૬.૩૩**
**સૂર્યાસ્ત : ૬.૫૭**

## તાપમાન

**મહત્તમ : ૩૬.૫ ડિ.સે.**
**લઘુત્તમ : ૧૯.૦ ડિ.સે.**

## ભેજનું પ્રમાણ

**સવારે ૪૫ ટકા ● સાંજે ૨૪ ટકા**

## મનોરંજન

### મૂવી પ્લેક્સ, કલોલ

**સ્કીન-૨ :**

ડ્રેગન બ્લેડ (ઈંગ્લીશ) ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

### સિટીપલ્સ

**: સ્કીન-૨ :**

એન. એચ-૧૦ : ૧૦.૦૦

અગ્નિ પરીક્ષા : ૯.૦૦

**સ્કીન-૩ :**

ડ્રેગન બ્લેડ (ઈંગ્લીશ) : ૨.૪૫, ૫.૪૫, ૭.૪૫, ૧૦.૧૫

એન. એચ-૧૦ : ૧૨.૩૦

**સ્કીન-૪ :**

હંટર : ૧૨.૪૫, ૧૦.૦૦

બરખા : ૧૦.૦૦, ૩.૪૫

એન.એચ-૧૦ : ૬.૪૫

**સ્કીન-૪ :**

કેનવાસ (ગુજરાતી) : ૯.૦૦

બરખા : ૧૨.૩૦

એન.એચ-૧૦ : ૩.૩૦

હંટર : ૬.૦૦

## આપની આજ

**મેષ** : ભૂમિ- સંપત્તિના વ્યવસાય સાથે સંકળાયેલ વ્યક્તિઓને લાભ થવાની સંભાવનાઓ છે. કૌટુંબિક જીવનમાં સુખ- સમૃદ્ધિ રહેશે. વ્યાપારમાં વિસ્તાર હેતુ પ્રયત્ન વધુ કરવો પડશે. કાયદાની બાબતોમાં વિવાદોનો ઉકેલ થશે.

**વૃષભ** : અથાગ પ્રયત્નોનો ઓછા લાભ મળી શકે છે. નકામો તનાવ, મુશ્કેલીઓ રહેવાની સંભાવના છે. નવા કાર્યો, વિચાર, યોજનાઓ થઈ શકે છે. આર્થિક વિવાદોથી નુકસાન થવાની સંભાવના રહેલી છે.

**મિથુન** : ઋણથી મુક્ત થઈ શકશો. મિત્રો અને કુટુંબિજનનો સહયોગ કાર્યમાં મળી રહેશે. આર્થિક લાભની તક મળી શકશે. તમારા કાર્યોની પ્રશંસા થશે. વાહન ચલાવચી વખતે સાચવેત રહેવું. નોકરીમાં જવાબદારીને અનુરૂપ કાર્ય કરવું.

**કર્ક** : તમારી મિલનસારીતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં આદરમાન અપાવશે. સામાજિક માન- સન્માનમાં વધારો થઈ શકશે. વ્યવસાયિક લાભ અને સુખ-સમૃદ્ધિમાં વધારો થવાની સંભાવના છે.

**સિંહ** : મહત્વપૂર્ણ કાર્ય પર ખર્ચ થશે. લાભ મળવાના પ્રબળ યોગ બની રહ્યા છે. કુટુંબમાં માંગલિક કાર્યોનું આયોજન થઈ શકશે. શત્રુ, વિવાદ વગેરેમાં ખર્ચ થઈ શકે છે.

**કન્યા** : આજે આપને પ્રગતિવર્ધક સમાચાર પ્રાપ્ત થઈ શકે છે. સંતાનની ઉન્નતિ પ્રસન્નતા આપશે. પૂર્વમાં કરવામાં આવેલ કાર્યોનું ફળ પ્રાપ્ત થઈ શકશે. સંબંધોમાં સુધારો થશે.

**તુલા** : અધૂરા કાર્ય પૂર્ણ થવાથી ઉત્સાહ અને પ્રસન્નતામાં વધારો થશે. મિત્રોના સહયોગથી અનુકૂળતા વધશે. અને દિવસ પ્રસન્નતાથી પસાર થઈ શકશે.

**વૃશ્ચિક** : નવા સંબંધો સ્થપાશે. સત્સંગમાં ભાગ લેવાનું થઈ શકે છે. માનસિક શાંતિ જાળવી રાખવી. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. વ્યાપાર- વ્યવસાય મધ્યમ રહેશે.

**ધન** : યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકશે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા- સંબંધીઓથી મુલાકાત થઈ શકે છે. દામ્પત્ય સુખમાં કમી આવી શકે છે.

**મકર** : સામાજિક અને રાજકીય ક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્તનો યોગ બની રહ્યો છે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકે છે.

**કુંભ** : વિશેષ ઉન્નતિકારક યોગને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થઈ શકશે. ગુસ્સા પર કાબુ રાખવો.

**મીન** : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થઈ શકશે. કુટુંબમાં સારું વાતાવરણ આપના મનને પ્રસન્નતા અને પ્રગતિમાં સહાયક બની રહેશે. વિરોધીઓ પરેશાન કરી શકે છે. સાવચેતી રાખવી.

## ચિરવિદાય

- સ્વ. દિનાબેન કાંતીલાલ મકવાણા (ઉ.વ.૬૮) પ્લોટ નં. ૫૯૬/૧, સેકટર-૮, ગાંધીનગર
- સ્વ. રંજનબેન સનતકુમાર વ્યાસ (ઉ.વ.૫૫) મુ. ચીલોડા મોટા, તા.જી. ગાંધીનગર